# બાબાજીએ મારા પ્રશ્નનો જવાબ કેવી રીતે આપ્યો

અહલ્યા નૉરિસ

વર્ષ ૧૯૭૯ની શરદ ઋતુમાં, બાબા મુક્તાનંદની આધ્યાત્મિક આત્મકથા, 'ચિત્શક્તિ વિલાસ' વાંચ્યા પછી તરત જ હું બાબાજીને મળવા માટે ગઈ. બાબાજી તેમની ત્રીજી વિશ્વ યાત્રા કરી રહ્યા હતા અને હાલમાં જ શ્રી નિત્યાનંદ આશ્રમમાં આવ્યા હતા (જે હવે શ્રી મુક્તાનંદ આશ્રમ નામે ઓળખાય છે). સાંજના સત્સંગ પછી જ્યારે હું આતુરતાપૂર્વક દર્શન માટે લાઈનમાં આગળ વધી, તો મારા મનમાં એક પ્રશ્ન આવ્યો જેના વિશે મેં પહેલા ક્યારેય વિચાર્યું નહોતું. જ્યારે હું બાબાજીની સામે દર્શન કરવા ઝૂકી ત્યારે મનમાંથી શબ્દો આપોઆપ ફૂટી નીકળ્યા. મેં પૂછ્યું, "બાબાજી, એ કોણ છે જે કહે છે કે આ મારો ચહેરો છે, આ મારો હાથ છે, આ મારું શરીર છે?"

બાબાજીએ કહ્યું, "તારા સવાલનો જવાબ હું આવનારી ધ્યાનશિબિરમાં આપીશ."

તમે કલ્પના કરી શકો છો કે મારી આ પ્રથમ ધ્યાનશિબિરમાં ભાગ લેવા માટે હું કેટલી ઉત્સુક હતી, જે બસ થોડા જ દિવસો પછી બાબાજી સાથે થવાની હતી!

ધ્યાનશિબિર દરમ્યાન, હું બાબાજીના જવાબની રાહ જોઈ રહી હતી તેથી દરેક સત્રમાં મેં પૂરી લગનથી ભાગ લીધો : તેમના પ્રવચનો ધ્યાનથી સાંભળી રહી હતી, નામસંકીર્તન કરી રહી હતી, ધ્યાન કરી રહી હતી અને હું જે કંઈ પણ અનુભવ કરી રહી હતી તેની પર મનન કરી રહી હતી.

પછી, જ્યારે અંતિમ ધ્યાન સત્રમાં બેઠી હતી ત્યારે મારા શરીરની ઉપરનો ભાગ કમરથી ગોળ-ગોળ ફરવા લાગ્યો, જાણે ભમરડો ફરતો હોય. મેં પછીથી જાણ્યું કે મને જાગ્રત કુંડલિનીનાં પ્રગટ રૂપનો એક વિશિષ્ટ અનુભવ થઈ રહ્યો હતો. એ ખૂબ જ આનંદમય હતો! જ્યારે આ શારીરિક ક્રિયાઓ થઈ રહી હતી, ત્યારે મને એ ક્રિયાઓને જોઈ રહેલા સાક્ષીનો પણ બોધ હતો. જોકે, મારી આંખો ધ્યાનમાં બંધ હતી તોપણ જે કંઈ થઈ રહ્યું હતું તેને હું ચેતનાની આ નિરાકાર અવસ્થા દ્વારા જોઈ રહી હતી, જે મારા શરીરથી પરે અને ભિન્ન હતી. મને દરેક વસ્તુનો પૂર્ણ બોધ હતો પરંતુ હું કંઈ પણ કરી રહી નહોતી.

ધ્યાનશિબિર પછી જ્યારે હું ઘરે જવા માટે મારો સામાન બાંધી રહી હતી, ત્યારે પણ હું તે જ દ્રષ્ટાભાવ અને જ્ઞાતાભાવમાં અર્થાત્ જોનાર અને જાણનારના ભાવમાં હતી. મારા હાથ સામાન ભેગો કરવા માટે, પ્રયત્ન વગર જ આપમેળે જ ચાલી રહ્યા હતા; બિલ્ડીંગની બહાર જવા માટે પગથિયાં ઊતરતી વખતે મારા પગ આપમેળે જ ચાલી રહ્યા હતા. આખો વખત હું દરેક ગતિવિધિને આ સાક્ષી, આ બોધ, આ નિશ્ચલ મૌનની સ્થિતિથી જોઈ રહી હતી.

બાબાજીએ તેમનું વચન નિભાવ્યું, મારા પ્રશ્નનો જવાબ આપી દીધો. ધ્યાનશિબિરમાં, તેમણે મારા પ્રશ્નનો જવાબ બૌદ્ધિક અને શાબ્દિક જવાબ કરતાં પણ વધારે સારી રીતે આપી દીધો. બાબાજીએ મને આત્માનો પ્રત્યક્ષ અનુભવ પ્રદાન કર્યો.

© ૨૦૨૨ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.